# કોર્ટ અને તમારું બાળક:

## જ્યારે સોશિયલ વર્કના લોકો આવે છે

**સહેલા શબ્દોથી અને ચિત્રોથી**



wake smith
Incorporating Benson Clegg
Solicitors

Barristers at **BankHouse**



માબાપના વકિલ



માબાપના ડોક્ટર



મા કે બાપની બહેન



ફ્રેન્ડ

## લોકો

આ ચોપડીમાં આ લોકો વિષે ચર્ચા કરવામાં આવી છે.



પેરેન્ટ



બાળક



બાળકની ટિચર



બેરિસ્ટર



સોશિયલ વર્કર



સોશિયલ વર્કરનાં વકિલ



સિનિયર સોશિયલ વર્કર



સાયકોલોજીસ્ટ



બાળકનાં ગાર્ડિયન



બાળકનાં ગાર્ડિયનનાં વકિલ





# લખાણ

1. મોટા ભાગના બાળકોને માબાપ મોટા કરે છે એકલે હાથે કાં સાથે મળીને અને એમાં કંઈ તકલિફ ઊભી નથી થતી.

અમુક વખતે આપણાં ઓળખીતા લોકોને આપણા બળકની અથવા જે બાળક જનમવાનું હોય એની ચિંતા થાય. તેઓને થાય કે મા કે બાપ આ જવાબદારી ઊપાડી શકે છે કે નહિ.





**2.** જે લોકોને ચિંતા થતી હોય તેઓ કદાચ કુટુંના જ હોય અથવા મિડવાઈફ હોય કે હેલ્થ વિઝિટર કે ટિચર પણ હોય શકે. માબાપ બાળનું ધ્યાન બરાબર ન રાખતા હોય તો તમે સોશિયલ સર્વિસને જણાવી શકો. બાળક બરાબર છે કે નહિ એ તેઓ જોશે.

**3.** પછી સોશિયલ વર્કર તમને મળવા આવી શકે. તેઓ તમારો વાંક કાઢવા માટે નથી આવતા. તમે જે જે સારુ કરતાં હોવ એ પણ જોઈ શકે છે. પણ તેઓએ જોવું પડે કે મોટે ભાગે તમે જે કરો છો એ બાળક માટે સારુ છે કે નહિ અને બાળક બરાબર છે કે નહિ.





4. સોશિયલ વર્કર તમને મળવા આવશે અને એ પછી તે તમારા ડૉક્ટર સાથે, મિડવાઈફ સાથે, કે હેલ્થવિઝિટર જેવા લોકો સાથે પણ વાત કરશે..

5. જો સોશિયલ વર્કરને કંઈ ચિંતા જેવું કારણ મળે તો તે કઈસ મિટિંગની ગોઠવણ કરશે. ("બાળકને રક્ષણ આપવાની સભા"). આ મિટિંગમાં ઘણાય લોકો ભેગા થાય અને બાળક વિષે ચર્ચા કરે.  એ સભા સિનિયર સોશિયલ વર્કર ચલાવશે જેને એ ફેમેલિની કંઈ વગત ન ખબર હોય. તમને જે કોઈ સોશિયલ વર્કર વાળા મળવા આવ્યા તેઓ બધાય ત્યાં હાજર હશે. તમને કોઈનો સથવારો જોઈએ તો ફ્રેન્ડને કે કુટુંના સભ્યને લઈ જઈ શકો છો. તમને કોઈનો સથવારો જોઈએ તો ફ્રેન્ડને કે કુટુંના સભ્યને તમારી સાથે એ મિટિંગમાં લઈ જઈ શકો છો.




એ મિટિંગમાં જતાં પહેલા તમે વકીલની મદદ લઈ શકો, જેથી એ તમને સલાહ આપી શકે. એ પણ કદાચ મિટિંગમાં આવી શકશે. જે વકીલ ચિલર્ડન પેનલમાં હોય એ તમને સારી રીતે મદદ કરી શકશે. એ વકિલો વિષે તમે એડવાઝ સેન્ટર અથવા યેલો પેજીમાંથી જાણી શકો. અથવા સોશિયલ વર્કર પણ એમના વકીલ પાસેથી તમને એવા વકિલોની માહિતી આપી શકે. એ મિટિંગમાં તમને બધાયને વારાફરતી બોલવાની તક મળશે.

6. તમને મદદ કરવા શું કરવું જોઈએ એ મિટિંગમાં નક્કી કરાશે. કદાચ તેઓ એનું નક્કી કરે કે થોડો સમય બાળકનું ધ્યાન કોઈક રાખે અથવા કુટુંબમાં તમને કોઈ મદદ કરી શકે અથવા કોર્ટમાં કેઈસ કરવો.
જો તેઓને બહુ જ ચિંતા થાય તો તેઓ બાળકનું નામ ચાઈલ્ડ પ્રોટેક્શન રજીસ્ટરમાં ઊમેરી શકે. અને પછી એ બાળકને કેવી રીતે મદદ કરવી એ તેઓએ નક્કી કરવું પડશે.








7. અમૂક જ વખતે, ખાસ ઈમર્જન્સીમાં, સોશિયલ વર્કરસ તમારી રજા વગર કોર્ટ કેસ ચાલુ કરી દેશે. (ઈમર્જન્સી પ્રોટેક્શન ઑર્ડર) એવું ભાગ્યે જ બને છે. મોટા ભાગે સોશિયલ વર્કર કોર્ટ કેસ શરૂ કરે તો એ સ્ટેઈટમેન્ટ વકીલને દે છે અને વકીલ કોર્ટના કાગળ તૈયાર કરે છે.

એ કાગળ તમને ઘરે પહોંચાડવામાં આવશે અને તમને વકીલની જરૂર પડશે. તમારા કાગળો વકીલને સોંપી દેજો. એ ગોઠવણ કરશે કે તમારી સાથે કોઈ કોર્ટમાં આવે અને તમારા માટે વકિલાત કરે. શક્ય હોય તો કોર્ટમાં જાવ એના આગલા દિવસે તમને વકીલ મળી શકે. જો તેઓ ન મળી શકે તો તમે જે દિવસે કોર્ટમાં જવાના હોવ એ દિવસે કોર્ટમાં તમને મળશે અને વાત કરશે. તમારા વકીલનું નામ યાદ રાખજો અને તમને એમને કોર્ટમાં ક્યાં મળવાનાં છો એ પણ નક્કી કરી લેજો.






8. સૌથી પહેલી વખત કોર્ટમાં જાવ તો તમારે ફેમેલિ હિયરિંગ કોર્ટ અથવા મેજીસ્ટ્રેટ કોર્ટમાં જવું પડે છે. તમે ત્યાં તમારા વકીલ સાથે આવશો અને સોશિયલ વર્કર તેમના વકીલ સાથે ત્યાં આવશે.

9. કોર્ટ બાળકના ગાર્ડિયનને જે કાફકાસ નામની સંસ્થા માટે કામ કરતાં હોય છે. અને એ પોતે બાળક માટે જે સારુ હોય એ જણાવી શકે.



એ વ્યક્તિ તમારા બાળકને મદદ કરી શકાય માટે વકીલ પણ રાખશે. તેઓ પહેલી વખત જ્યારે કેસ સાંભળવામાં આવે ત્યારે હાજર હોય છે. બાળકના ગાર્ડિયન કોર્ટના કેસમાં મહત્વનો ભાગ ભજવે છે. તેઓ પોતાની રીતે બધુય જોશે, તપાસ કરશે અને તમને અને બીજા લોકોને મળશે અને દરેક કોર્ટ કેસમાં હાજરી આપશે.





બાળક જો પોતાના વિચારો કહી શકે અને તે શું ચાહે છે એ ગાર્ડયનને તો ગાર્ડયનની જ  વાબદારી એ પણ છે કે એ બાળકના વિચારો કોર્ટમાં જણાવે.

**10.** કોર્ટમાં જાવ એ દિવસે ઘણીયે રાહ જોવી પડે છે. તેથી તમે કોઈને તમારી સાથે લાવો તો ટાઈમ પાસ કરવો સહેલો પડશે.  પણ બાધાયની મંજૂરી વગર એ વ્યક્તિ કોર્ટની અંદર તમારો કેસ સાંભળવા આવી શક્તિ નથી, એમને તમારા માટે કોર્ટરૂમની બહાર બેસવું પડશે.






**11.** કોર્ટમાં તમારા વકીલ બીજા વકિલો સાથે, સોશિયલ વર્કર અને ગાર્ડિયન વાત કરશે અને તમને જણાવતાં રહેશે કે શું શું વાત ચાલી રહી છે અને તમને પૂછપરછ પણ કરશે.

**12.** કોર્ટને કદાચ કેર ઓર્ડર અથવા સુપરવિશન ઓર્ડર દેવાનું કહી શકે.







સામાન્યપણે પેરેન્ટલ રિસ્પોન્સિબિલિટી એટલે કે બાળકનું ધ્યાન રાખવાની જવાબદારી માબાપની હોય છે. કેર ઓર્ડરનો અર્થ એ થાય કે એ જવાબદારીમાં હવે સોશિયલ સર્વીસ પણ આવી શકે. તેઓ પણ નિર્ણય લઈ શકે કે બાળક કોની સાથે રહેશે અને ક્યાં રહેશે. જો બહુ જ તકલિફ ઊભી થાય તો તેઓ તમારુ બાળક તમારી પાસેથી લઈ જઈ શકે છે.

13. સુપરવિશન ઓર્ડર એટલે કે સોશિયલ સર્વિસને બાળકની પેરેન્ટલ જવાબદારી ન મળે, પણ કાયદેસર તેઓ તમારા બાળક પર નજર રાખી શકે અને અને બાળકને મળવા આવી શકે.




14. જો તમને વાંધો ન હોય તો જ એવા ઓર્ડર મૂકવામાં આવશે અથવા કોર્ટમાં લાગે કે એવા ઓર્ડરની જરૂર છે તો જ અમલ કરશે. મોટે ભાગે કોર્ટરૂમમાં અથવા જજની સામે જયા વગર તમે નક્કી કરી શકો છો કે શું થવું જોઈએ.




જો તમને એ નિર્ણયો ન ગમે તો કોર્ટમાં જજ સામે જવું પડે અને એ બધાયની વાત સાંભળશે અને પછી જજ નક્કી કરશે કે શું થવું જોઈએ.



15. પહેલી વખત કોર્ટમાં આવશો ત્યારે તમારે બાળનું કઈ કઈ રીતે ધ્યાન રાખવું એની વાત કરે. પછી જે વાત થઈ હોય એને લખી લેવામાં આવે અને તમને અને સોશિયલ વર્કરને એના પર સહી કરવી પડે.







16. મેજીસ્ટ્રેઈટ કદાચ એમ પણ કહી શકે કે તમારા કેઈસ બીજી વખત રાખવામાં આવશે. જો એમ હોય તો તેઓ તારીખ નક્કી કરી લેશે. તમે કોર્ટમાંથી નીકડો એ પહેલા એ તારીખની જાણ કરી લેવી.

17. બીજી વખત તમે કોર્ટમાં આવો ત્યારે આખો કેસને કેટલો વખત લાગશે એ નક્કી કરશે. મોટે ભાગે કેસને ખતમ થતા લગભગ આંઠથી નવ મહિના લાગી શકે. તમને એ સમયગાળો બહુ જ લાંબો લાગી શકે. પણ બધાયને જાણવું જોઈએ કે તમે બાળકની કેવી કાળજી લો છો. જો તમે કાળજી ન લઈ શકતા હોવ તો બીજા કોઈની કે સગાઓમાં કોણ બાળકનું ધ્યાન રાખી શકે એ પણ જાણવું જોઈએ.




18. તમારુ બાળક નાનું હોય તો ઘણાય લોકો કહેશે કે સોશિયલ વર્કના લોકો એને દત્તક લઈ લેશે. એવું સાંભળવાથી તમને દુઃખ થશે. કોર્ટમાં એજ વિચાર કરશે કે સૌથી પહેલા તો કુટુંબ બાળકનું ધ્યાન રાખે અને જો કુટુંબમાં એવું કોઈ ન હોય તો કોર્ટ સોશિયલ વર્કરસને કહેશે કે કદાચ એવો દિવસ આવે જ્યારે દત્તક દેવું પડે. સોશિયલ વર્કરસના લોકોએ એ પણ જોવું જોઈએ અને કોર્ટ કેસ ચાલતો હોય એ દરમ્યાન તેઓ તમને એના વિષે પણ સમયથી સમય વાત કરશે.

એ તમારે યાદ રાખવું જોઈએ ભલે બાળકને દત્તક દઈ તેવાની વાત થતી હોય પણ કોર્ટ એ પગલુ સૌથી છેલ્લે ન છુટકે લેવું પડે તો જ લેશે. સોશિયલ વર્કરને ખબર છે કે બળકને સારી રીતે પોતાના મા-બાપ જ મોટા કરી શકે અથવા કુટુંબના કોઈક સગા મોટા કરી શકે.





**19.** કોર્ટ કેસ દરમ્યાન સોશિયલ વર્કર તમને મળ્યા રાખશે અને તેઓ તમારો રિપોર્ટ અથવા એસેસમેન્ટ લખશે. એમાં તેઓ એ જોવા માંગે છે કે તમે બાળકને સારી રીતે ઉછેરી શકો છો કે નહિ. તેઓ તમારી સાથે મિટિંગો પણ રાખશે. તમારા સોશિયલ વર્કરની એપોઈન્ટમેન્ટ ચૂકતા નહિ અને તેઓ સાથે તમને જરા ન પણ બને છતાંય, તેઓ તમને જે પૂછે એના જવાબો દેવાની કોશિશ કરજો.

તમારા વકીલને વિગતો જણાવતા જ રહેજો. સોશિયલ વર્કર વચ્ચે કોઈ તકલિફ ઉભી થાય તો એ પણ તમારા વકીલને જણાવી દેજો.





**20.** જજ સોશિયલ વર્કર જણાવે છે એનાં કરતાં તમારા વિષે વધું જાણવા ચાહે છે. એ માટે જજ તમને કદાચ સાયકાયટ્રિસ્ટ અથવા સાયકોલોજીસ્ટ પાસે મોકલે. તેઓ કોર્ટ માટે તમારા વિષે રિપોર્ટ લખી આપશે, જેથી તમે સારી રીતે તમારા બાળકની સંભાળ રાખી શકો.



**21.** તમે શા માટે આ રીતે વર્તો છો એ જાણવી કોશિશ સાયકોલોજીસ્ટ કરશે. તમે બાળક હતા ત્યારે તમારા પર શું વિતી એ પણ જાણશે. તમને ખબર ન હોય પણ તમે અમૂક બાબતો જે તમારા બાળક માટે સારી નથી એ તમે નાનપણથી કરતા શીખ્યા હશો. તમે બદલી શકો છો જેથી બાળકની સારી રીતે સંભાળ રાખી શકો.



**22.** તમારા કેસમાં અત્યાર સુધીમાં તો ઘણાય લોકો સંડોવાયેલા હશે! તમરા વકીલ સાથે એક કર્યા જ રાખજો કે કોણ શું કરે છે એ તમે જાણી શકો..




તમે ડાયરીમાં અથવા લખી શકો કે તમને કોણ કોણ ક્યારે મળવા આવે છેતમારા વકીલને પણ ખબર હશે કે તમને કોણ મળવા આવવાનું છે અને ક્યારે મળવા આવવાનું છે તો તમે વકીલને પણ પૂછી શકો





તમને કોઈ પણ વાતની ચિંતા થતી હોય તો વકીલને જણવી દેજો. બધાય તમારી પાસેથી શું ઈચ્છે છે એ હંમેશા સમજવું સહેલું નથી એટલા માટે તમે તમારા વકીલને જણાવતા રહેજો જેથી એ તમને સમજણ આપી શકે.

23. કોઈ વખતે કેસ ચાલુ હોય છે એ દરમ્યાન બાળકોને બીજા કોઈક સાથે રહેવું પડે છે. જો એમ હોય તો બળક તમારા કોઈ કુટુંબનાં સભ્યો પાસે રહેશે અથવા તેઓ ફોસ્ટર કેરમાં રહેશે.



ફોસ્ટર કેરના લોકોને બાળકોનું ધ્યાન સારી રીતે રાખતા આવડે છે. મોટે ભાગે તમે તેઓને મળી શકો છો અને તેઓ વિષે જાણી શકો છો. એ વિષે તમે સોશિયલ વર્કર સાથે વાત કરી શકો.



જો તમારું બાળક તમારી સાથે ન રહે તો સોશિયલ વર્કર એવી ગોઠવણ કરી આપશે જેથી તમે તમારા બાળકને મળી શકો અને એ સમયે તમારી સાથે કોઈક હશે જેથી બાળક વિષે કંઈ ચિંતા ન થાય. એને સુપરવાઈઝ કોન્ટેક્ટ કહેવામાં આવે છે. બાળકને મળવાની દરેક ગોઠવણમાં તમારે જવુ એ બહું જ મહ્ત્વનું છે.




તમે ત્યાં પહોંચવામાં બસની અથવા બસમાં જવાની તક
થતી હોય તો તમારા વકીલને અથવા સોશિયલ વર્કરને
એની જાણ કરી દેજો. તેઓ તમને મદદ કરી શકશે.




24. બળકોને પાછા લાવવા વિષેની સલાહ તમને દેવામાં આવતી હોય. તમારે ખાસ કરીને સોશિયલ વર્કરની સલાહ લેવી જોઈએ અને તમારા વકીલની સલાહ લેવી જોઈએ.

તમે ભૂલ કરી હોય તો કબુલ કરજો. અને ફરી એવી ભૂલ ન કરો માટે પગલા લઈ શકો. ઘણી વખતે એ અઘરું હોય છે પણ તમે સાંભળો અને સલાહ ગળે ઉતારો તેઓ ખરેખર તમને મદદ કરશે.

સોશિયલ વર્કરને તો એ જ જોઈએ કે તમારા બાળકો તમારી પાસે જ રહે પણ તેઓની સલાહ સાંભળી કે નહિ એ તમારા પર છે.






25. જેમ જેમ કેસ આગળ વધશે તેમ તેમ સોશિયલ વર્કર, હેલ્થ વિઝિટર, મિડવાઈફ, ટિચર અથવા સાયકાયેટ્રિસટ કે સાયકોલોજીસ્ટ જેવા જે કોઈ લોકો તમારા કેસમાં સંડોવાયા હશે તેઓ તમારા વિષે રિપોર્ટ તૈયાર કરશે..







એ બધાય રિપોર્ટમાં શું લખ્યું છે એ તમે જાણી શકો, પણ યાદ રાખજો કે એ તમે બીજા કોઈને પણ બતાવી ન શકો કેમ કે એ કોર્ટનાં છે.તમારે એ કોઈને વંચાવા હોય તો પહેલા તમારા વકીલ સાથે વાત કરો. તમને એ વાંચવામાં અથવા સમજવામાં તકલિફ પડતી હોય તો પણ તમારા વકીલને જણાવો.



26. બધાય રિપોર્ટ તૈયાર થઈ જાય પછી તમને તમારા વકીલ પાસે જવું પડશે. તમારે જે કંઈ જજને જણાવું હોય એ લખાવશે અને પછી સહી કરાવશે. તમારા બીજા કોઈ ઓળખીતા હોય જે તમારા વિષે કોર્ટમાં વાત કરી શકે એના વિષે પણ વકીલ પૂછશે. એઓ પણ તમારા વિષે લખીને સ્ટેઈટમેન્ટ જજને આપી શકે.






સૌથી છેલ્લે બાળકનાં ગાર્ડયન પોતાનો રિપોર્ટ કોર્ટને આપી શકશે.

**27.** જો કેસ દરમ્યાન તમારા બાળકનું શું થવું જોઈએ એ વિષે કોઈ એક બીજા સાથે સહમત ન થાય તો જજ બધાય સાક્ષીઓની વાત સાંભળશે.



તમારા વકીલ તમારી સાથે એ વિષે વાત કરશે અને તમે
ચાહો છો એ તમારે જજને જણાવવું હોય તો પણ જણાવી
શકો. એ તમારા માટે મહ્ત્વનું છે કેમકે છેવટે તમારા
બળકનું શું થવું જોઈએ એ વિષે જજ પોતે આખરી
નિર્ણય લેશે.

કોર્ટમાં છેલ્લી વખત જવાનું હોય ત્યારે તમારા વકીલ
એક બેરિસ્ટરની ગોઠવણ કરશે જે તમારા માટે કોર્ટમાં જ
સાથે વાત કરશેતમે એ બેરિસ્ટરને કોર્ટ કેસ શરૂ થાય
એ પહેલા મળી શકશો જેથી તમે જાણી શકે કે એ
કોણ છે.





**28.** કોર્ટના છેલ્લા દિવસે જજ પોતે જણાવશે કે એમને બાળક વિષે શું નિર્ણય લીધો છે. આને આખરી નિર્ણય કહેવામાં આવે છે અને એ આખરી નિર્ણય જ હોય છે જે તમે બદલી શકતા નથી.

ભાગ્યે જ અમૂક કિસ્સામાં જે જજે નિર્ણય કર્યો હોય એનાથી મોટા જજ પાસેથી ફરી નિર્ણય કરાવી શકો છો. એટલા માટે તમે તમારા વકીલને બધીજ માહીતી જણાવી દેવી અને લખાવી લેવી. તમે પોતે જજ સાથે વાત કરી શકો તો એ મોકો પણ લેવો જોઈએ.

.



29. મોટે ભાગે કોર્ટ એવું ચાહે છે કે બાળકને પોતાનું કુટુંબ જ અથવા પોતાના માબાપ જ મોટા કરે. જો એ શક્ય ન હોય તો બાળકને દત્તક દેવા પડે અથવા ફોસ્ટર કેરમાં મૂકવા પડે. જો કોઈ બાળકને દત્તક લેશે તો તમે તમારા બાળકને મળી નહિ શકો પણ તમને બાળક વિષે માહિતી મોકલવામાં આવશે અથવા ફોટા મોકલવામાં આવશે.




જો તમારા બાળકને ફોસ્ટર કેરમાં મુકવામાં આવે તો જજ તમને જણાવશે કે તમે ક્યારે અને ક્યાં તમારા બાળકને મળી શકશો.



પછી તમારા બાળક વિષે કંઈ તકલિફ ઉભી થાય તો તમારા વકીલ પાસે જઈને વાત કરજો. કદાચ તેઓ તમને મદદ કરી શકશે અથવા પાછા કોર્ટમાં જવું પડશે.



made accessible by:

CHANGE
tel: 0113 243 0202
minicom: 0113 243 2225
www.changepeople.co.uk

illustrations © CHANGE 2006

This booklet was produced by:

David Hawkins, barrister
tel: 0114 275 1223
Sarah Jane Lynch, solicitor
tel: 0114 266 6660

The costs of printing this book
have been paid by Wake Smith